<u>અમદાવાદ(ગ્રામ્ય)ના મે.એડીશનલ જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.મીરઝાપુર, અમદાવાદ.</u>

C.C.NO.5610-2021.

ફરીયાદી : શ્રી સરકાર

// વિરુધ્ધ//

આરોપીઓ : (૧) જગન્નાથ ઉર્ફે લલ્લા ઉદયભાણ કહાર, (૨) જયેન્દ્રકુમાર રામાભાઈ પટેલ
(૩) દિનેશભાઈ માંગીલાલ મેઘવાલ, (૪) વિવેક ભરતભાઈ મકવાણા
(૫) દશાંત જયંતિભાઈ નાગર, (૬) અંકીત રમેશભાઈ બારોટ

ગુન્હો : ધી જુગાર ધારાની કલમ–12 મુજબ

<u>: ચુકાદો :</u>

૧. આરોપીઓ વિરુધ્ધ એવો આરોપ છે કે, આ કામના આરોપીઓ મુદ્દામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ–12 નો ગુનો કરવા બદલ પોલીસ અટક કરી હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. આ કામના આરોપીઓ નંબર : ૧ થી ૫ નાઓ તારીખ : ૧૧/૧૨/૨૦૨૧ ના રોજ કોર્ટમાં હાજર થઈ, ગુનાની કબુલાત કરેલ છે. તેમજ દરેક આરોપીને રૂા. ૫૦/– (અંકે રૂપિયા પચાસ પૂરા) અને જો આરોપી દંડ ના ભરે તો દિન : ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ હતો. તેમજ આ કામના આરોપી નં. ૬ નાઓ હાજર થયેલ ના હોય, તેમના વિરુધ્ધ કેસ આગળ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવેલ હતો.

૩. વધુમાં સદર કામે આરોપી નંબર : ૬ નાઓ સામે વારંવાર સમન્સ/વોરંટ કઢતા તેઓ મળી આવેલ નથી. જેથી વોરંટની બજવણી થઈ શકેલ નથી. વધુમાં આરોપીઓ સામેનો કેસ ઘણો જુનો છે અને આરોપીને વોરંટ પર લાંબા સમયથી મુલતવી રહેતો આવેલ છે અને તેઓ સામે કાઢેલ પ્રોસેસ પણ બજે કે વગર બજે કે નવા સરનામા મેળવી પોલીસ બજવણી તરફથી પરત ફરેલા નથી. કે પોલીસ બજવણી અધિકારી પ્રોસેસની રુએ આરોપીને હાજર કરી શકેલા નથી અને આરોપીને વોરંટ બજી પકડી આવેલા નથી અને કેસ નિષ્ક્રિય બની રહેલ છે અને કેસનું રેકર્ડ જોતા પણ આરોપી નં. ૩ ની હાજરી મળી આવે તેમ જણાતી નથી અને સરકાર પક્ષે પણ આરોપીની હાજરી કેસમાં ઉપ્લબ્ધ કરાવવા કોઈ અરજી/રીપોર્ટ/રજુઆત નથી. જેથી આરોપીની હાજરી ઉપલબ્ધ થઈ શકે તેમ જણાતુ નથી અને કેસની ન્યાયીક કાર્યવાહી લંબાયા સિવાય અન્ય કોઈ હેતુ સરતો નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને વધુ તકો આપવી ઉચીત જણાતી નથી.

**<u>પી.રામચંદ વિ. કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલનામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં સિંધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, "The Criminal Courtshould exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effectuate the rightto speedy trial"</u>** આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સામાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને રાખી સદર કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય જેથી પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નીવડેલ હોય અને હવે વધુ સમય આરોપીને હાજર કરાવવા પોલીસ તંત્રને વધુ સમય આપવો ઉચીત જણાતો ન હોય. જેથી ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૨૫૮ ધ્યાને લઈ હાલની કેસની કાર્યવાહી સ્થગીત કરવું ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ

હુકમ ફરમાવવામાં આવે છે.

//હુકમ//

આ કામના આરોપી નંબર : ૧ થી ૫ નાઓ સામે સદર કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપી નં. ૬ સામે જુગાર ધારા કલમ–12 મા ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ–૨૫૮ મુજબ કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં પોલીસ આરોપી નંબર : ૧ અને ૬ ને શોધખોળ કરી મળી આવે તો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

આ કામે આરોપીઓએ મુદ્દામાલ અંગે નો–કલેઈમ પુરસીસ આપેલ છે તથા રોકડ રકમ સરકાર ખાતે જમા કરવાનો અને જો કોઈ અન્ય મુદ્દામાલ હોય અપીલ સમય પુરો થયા બાદ મુદ્દામાલનો યોગ્ય નિકાલ કરવો એવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૨ મી માહે, માર્ચ, સને, ૨૦૨૨ રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૨/૦૩/૨૦૨૨.
અમદાવાદ (ગ્રામ્ય)

(માલવિકા પુરોહિત)
એડી.સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર